કોબાની નવી સબ-પોસ્ટ ઓફિસનું ઉદ્‌ઘાટન

કોબા તથા તેની આસપાસના વિસ્તારના થઈ રહેલા ઝડપી વિકાસને પગલે ખાનગી વાણિજ્યિક એકમો ઉપરાંત શાળા-કોલેજ સહિત સંસ્થાઓનો વિકાસ થવાને કારણે અહીં પોસ્ટ ઓફિસની સેવાઓની જરૂરિયાત ઉભી થવા પામી હતી. આ અંતર્ગત કોબા ખાતે સબ પોસ્ટ ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ એસ.આર. મીણા, પોસ્ટમાસ્ટર જનરલ અંબેશ ઉપમન્યુ, સિનિયર સુપ્રિટેન્ડન્ટ શશિકુમાર ઉત્તમ ઉપરાંત કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી તથા તલાટી પ્રવિણભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. કોબા સબ પોસ્ટ ઓફિસને ૩૮૨૪૨૬ પીનકોડ નંબર ફાળવવામાં આવ્યો છે.

આ પણ વાંચીએ...

● ક્રેડીટ કાર્ડ બનાવવા કસ્ટમરે બનાવ્યો પાંચ પૈસાનો ચેક

ક્રેડીટ કાર્ડ બંધ કરાવવા માટે મેસુરના એક વ્યક્તિને પાંચ પૈસાનો ચેક બનાવવો પડ્યો. જેના પ્રોસેસિંગ માટે બેંકે ૨૩ રૂપિયાનો ખર્ચ કરી નાખ્યો. મેસુરની સ્ટેટ બેંક ઓફ

ઈન્ડિયાની વિજયનગર શાખાના એસ. સતીશ નામના એક વ્યક્તિનુ એકાઉન્ટ હતુ. પાંચ વર્ષ અગાઉ તેઓએ ૨૫ હજાર રૂપિયા જમા કરાવી એક ક્રેડીટ કાર્ડ લીધી હતુ. હવે એસ. સતીશ તેને બંધ કરાવવા ઈચ્છતા હતા. કાર્ડ બંધ કરાવવા માટે તેઓએ કસ્ટમર કેરનો સંપર્ક કર્યો હતો. જેઓએ તેમના બાકી નીકળતા પાંચ પૈસા ભરવા જણાવ્યુ હતુ. પાંચ પૈસાનો સિક્કો ચલણમાં ન હોઈ આખરે એસ. સતીશે પાંચ પૈસાનો ચેક બનાવી હિસાબ સરભર કર્યો હતો.

● 'સુલ્તાન' પાડાના શોખ નવાબી

વધુ દૂધ આપવાવાળી ભેંસ અંગે ઘણીવાર સાંભળ્યુ હશે, પરંતુ વર્ષે ૯૦ લાખ કમાતા પાડા વિશે જાણીને અવશ્ય ચોંકી જવાશે. સૂરજકુંડ

ખાતે યોજાઈ રહેલા કૃષિ સંમેલનમાં 'સુલ્તાન' પાડાની ખુબજ ચર્ચા છે. સુલ્તાન છ ફૂટ ઉંચો છે. સુલ્તાનને દરરોજ ૧૦ કિલો દાણ અને એટલુ જ દૂધ આપવામાં આવે છે. તેને ૩૫ કિલો ચારો અપાય છે. વળી તેને દરરોજ ઉંચા દરજ્જાની શરાબ પણ અપાય છે.

બોર્ડના પરીક્ષાના પેપરની તપાસ આજથી શરૂ કરાશે

અમદાવાદ,તા. ૨૬

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાના પેપરોની ચકાસણી પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજ્ય બોર્ડની પરીક્ષાના પેપરોની ચકાસણીની પ્રક્રિયા આવતીકાલથી શરૂ થશે. આશરે ૪૭૦૦૦ શિક્ષકો પેપર ચકસણીની કામગીરી હાથ ધરનાર છે. ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા પહેલાથી જ પૂર્ણ થઈ ચુકી છે જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ૩૦મી માર્ચના દિવસે પુરી થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા પેપરોની ચકાસણી માટે ૪૭૦૦૦ શિક્ષકોને રોકવામાં આવ્યા છે.

સમયસર પરિણામ તૈયાર થઈ શકે અને પેપર યોગ્યરીતે ચકાસી શકાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડે આ સંદર્ભમાં જરૂરી આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. ૧૭૦૦૦શિક્ષકો પહેલાથી જ ગોઠવી દેવામાં આવ્યા છે. બાકીના શિક્ષકો ૧૨૭ સેન્ટરો ઉપર મોકલવમાં આવનાર છે. વધુમાં ૨૨૦૦૦ શિક્ષકોને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને આઠ હજાર જેટલા શિક્ષકોને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પેપરો ચકાસવાની કામગીરી સોંપવામાં આવી છે. સુત્રનું કહેવું કહેવું છે. ઓએમઆર આન્સર સીટ માટે ચકાસણીની પ્રક્રિયા પહેલાથી જ શરૂ થઈ ચુકી છે.

પરીક્ષા મોડેથી શરૂ થઈ હતી પરંતુ બોર્ડના અધિકારીઓ પરિણામ સમયસર જાહેર કરવામાં આવે તેમ ઈચ્છે છે. આ વખતે બોર્ડમાં પહેલાથી જ શિક્ષકો નોંધાઈ ગયા છે. બોર્ડે તમામ શિક્ષકોના ડેટાબેઝ તૈયાર કરી લીધા છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં કુલ ૧૭૫૯૨૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા ચુકયા છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજવા માટે તમામ તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી હતી. તમામ સેન્ટરોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં કોંગ્રેસ ૧૨૫ બેઠક જીતશે : ભરતસિંહ

વડોદરા ખાતે કોંગ્રેસનું સંમેલન યોજાયું : ભરતસિંહ અને સિદ્ધાર્થ પટેલ સહિતના તમામ ટોચના અગ્રણી ઉપસ્થિત

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટીએ પણ આક્રમક તૈયારીઓ હાથ ધરી છે જેના ભાગરુપે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સંપૂર્ણપણે સક્રિય થઈ ચુક્યા છે.

આજે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી આ વખતે સૌથી વધારે બેઠક જીતીને ગુજરાતમાં સરકાર બનાવશે. ૧૨૫ બેઠકો કોંગ્રેસ મેળવશે તેવો દાવો કર્યો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે શહેરમાં આજે કોંગ્રેસનું ઓબીસી સંમેલન યોજાયું હતું. જેમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને સિદ્ધાર્થ પટેલ સહિતના કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભરતસિંહ સોલંકીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવીને સરકાર બનાવશે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ બધવાઈ રહ્યું છે. પરંતુ કોંગ્રેસ પક્ષે આ વખતે સૌથી વધારે બેઠકો મેળવીને ગુજરાતમાં સરકાર બનાવશે. તેઓએ કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવશે તેવો પણ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં ૨૦ હજારથી વધારે મતોથી હારી ગયેલા કોંગ્રેસના ઉમેદવારોને ટિકિટ નહીં આપવામા આવે. આ ઉપરાંત જેઓએ બુથ લેવલની કામગીરી નહીં કરી હોય તેઓને પણ ટિકિટ મળે. વડોદરા શહેરની દુમાડ ચોકડી પાસે આયોજીત કોંગ્રેસના ઓબીસી સમ્મેલનમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરો સહિત લોકો હાજર રહ્યા હતા.

અમદાવાદ સહિત રાજ્યમાં તીવ્ર ગરમી

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ સહિત રાજ્યભરમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે પારો ૪૨ સુધી પહોંચી ગયો હતો જેથી ગરમીથી લોકો ભારે પરેશાન થઈ ગયા હતા. દિશામાં પારો ૪૨ સુધી પહોંચી ગયો હતો. આવતીકાલે પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૧થી ઉપર પહોંચી ગયું હતું અને પારો ૪૧.૩ સુધી રહ્યો હતો જ્યારે રાજ્યના ડિસામાં પારો ૪૨ સુધી પહોંચ્યો હતો. રાજ્યના જે ભાગોમાં આજે મહત્તમ તાપમાન ૪૧થી ઉપર પહોંચ્યું હતું તેમાં અમદાવાદ, અમરેલી, ભુજ, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજકોટમાં ૪૦.૭ સુધી પારો રહ્યો હતો. બીજી બાજુ હિટવેવની ચેતવણી પણ હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે જેથી આગામી બે દિવસ સુધી લોકોને ગરમીથી કોઈપણ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, મહત્તમ તાપમાન હજુ પણ વધી શકે છે. મહત્તમ તાપમાન વધવા માટે કેટલાક પરિબળો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાત પ્રદેશમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળશે તેવી ચેતવણી બાદ તંત્ર સાવધાન થઈ ગયું છે. હાલમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા વધતી ગરમી વચ્ચે લોકોના માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. રાજ્યભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે. આંકડા પરથી આ અંગેની માહિતી મળી શકે છે. તીવ્ર ગરમીથી બચવા માટે હવે લોકોના પ્રયાસો પણ વધી રહ્યા છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી પણ કહેવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ શકે છે. સોમવાર અને મંગળવારના દિવસે પારો વધુ ઉપર જશે. વધતી જતી ગરમીની સિઝનમાં હવે પેટમાં દુખાવાની ફરિયાદ વધારે રહી શકે છે. અન્યત્ર વિસ્તારોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એક અથવા બે ડિગ્રીના તાપમાનની સ્થિતિ રહી હતી.

બીજી બાજુ તાપમાનમાં ફેરફાર થવાના લીધે બાળકો, મોટી વયના લોકોને ઈન્ફેકશનની તકલીફો વધી છે. તાપમાનમાં ફેરફારની સ્થિતિ નોંધાઈ છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ મહત્તામ અને લઘુત્તામ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહ્યો છે. બીજી બાજુ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાની સ્થિતિ વચ્ચે પણ ગરમી વધતા તેની અસર જોવા મળી શકે છે.

વણઝર પ્રાથમિક શાળાના આચાર્યની મનમાનીથી

બે શિક્ષકોની બદલી અટકાવવા સંદર્ભે જાગૃત વાલીઓ, ગ્રામજનોએ તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો

ભિલોડા,તા. ૨૫

ભિલોડા તાલુકાના વણઝર ગામની વણઝર પ્રાથમીક શાળાના આચાર્યના મનસ્વી વર્તનનો આક્ષેપ અને બે શિક્ષકોની બદલી અટકાવવા સંદર્ભે જાગૃત વાલીઓ, ગ્રામજનોએ તાળાબંધી કરી વિરોધ પ્રદર્શન કરતાં જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી ધ્વારા બે શિક્ષકોને બદલીનો ઓર્ડર કરતાં ગ્રામજનો આક્રમક મુડમાં હોવાનું જાણવા મળેલ છે. વણઝર પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા ધોરણ.૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓને શાળામાં નહી મોકલવાનો નિર્ણય વાલીઓ ધ્વારા કરાયો છે ત્યારે ખડભડાટ મચી જવા પામ્યો છે. શિક્ષણ વિભાગના અધિકારીઓની ઉંઘ હરામ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી એ. પી. ઝાલાએ વણઝર પ્રાથમીકમાં ફરજ બજાવતાં બે શિક્ષકોને બદલીનો ઓર્ડર આપતાં ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.

વણઝર ગ્રૂપ ગ્રામ પંચાયત ઉપસરપંચના જણાવ્યા મુજબ વણઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા આચાર્ય મન ફાવે તેમ મનસ્વી વર્તન રાખતા હોય છે ત્યારે કોઈ પણ સંજોગોમાં આચાર્યને બરતરફ કરવા ગ્રામજનોની પ્રબળ લોકમાંગણી છે.

કિરણભાઈ ડી.પરમાર, મિનાક્ષીબેન કે.પરમાર નવદંપતી સેવાભાવી શિક્ષકો વણઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવે છે. વિદ્યાર્થીઓને સારૂ શિક્ષણ આપતા હતા પરંતુ આચાર્યના મનસ્વી વર્તનના કારણે નવદંપતીએ બદલી કરાવવા માટે માંગણી કરી હતી પરંતુ આજે શિક્ષકોની બદલીનો ઓર્ડર થઈ જતાં ગ્રામજનો ભારે રોષ ભભુકી ઉઠ્યો હતો. જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે વણઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા બે શિક્ષકો સારૂ શિક્ષણ આપતા બે શિક્ષકોની બદલીનો ઓર્ડર અટકાવવા સંદર્ભે તાલુકા પંચાયત શિક્ષણ શાખા અધિકારી ભિલોડા, જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી કચેરી મોડાસા, પ્રાથમીક શિક્ષણ નિયામક કચેરી, ગાંધીનગર, શિક્ષણ મંત્રી રાજ્ય સરકાર સુધી ઉચ્ચ કક્ષાએ ઉગ્ર ધારદાર લેખીત-મૌખિક અરજીઓ કરવા છતાં બે શિક્ષકોની બદલીનો ઓર્ડર કરાતા ગ્રામજનો અને વાલીઓમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.

ચૂંટણીની રાહ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાઢી હતી. તેમજ આગામી એક માસમાં સરકાર સાણંદના ખેડુતો પર લગાવેલી ૩૦૭ની કલમ રદ કરવી, ખેડુતોને સિંચાઈ માટે પાણી આપવું, પાક નિષ્ફળ ગયો હોય તેવા ખેડુતોને રૂ.૫૦,૦૦૦ ની સહાય નહી કરે તો આગામી તા. ૧ લી મે થી આપ પાર્ટી દ્વારા સરકાર વિરોધી ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જણાવી પોતાની વાત પૂર્ણ કરી હતી. આ પ્રસંગે આપ પાર્ટીના કાર્યકર ડો. કનુભાઈ કલસરીયા, સહિત અનેક આગેવાનો તેમજ રાજયભરમાંથી કાર્યકરો હાજર રહ્યા હતા. જયારે સભા સ્થળે પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જો કે સભા સાંજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થતા પોલીસે રાહતનો દમ લીધો હતો.

કેન્દ્રીય ચૂટણી પંચ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ આવી રહી હોવાની વાતો બહાર આવતાં જ પાટનગરના રાજકીય વર્તુળોમાં ગરમાવો વધી જવા પામ્યો છે. એપ્રિલના પ્રથમ પખવાડિયામાં જ ચૂંટણી કયારે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેવી વાતો વહેતી થઈ જવા પામી છે.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ તો જુનના પ્રથમ પખવાડિયામાં જ સામાન્ય ચૂંટણી યોજાશે તેવી વાતો સાથે શરતો પણ લાગી રહી છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની ઉતાવળમાં ભાજપની નેતાગીરી નહિ હોવાની વાતો પણ એક તરફ એટલી જ મજબુતાઈથી કરવામાં આવી રહી છે.

ઉજી એપ્રિલે આવનારી કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમમાં કેટલા સભ્યો હશે કેટલા દિવસ રોકાશે તે અંગે મૌન સેવવામાં આવી રહ્યું છે. બસ ટીમ આવે છે એટલું જ સૂત્રો પણ એકરાર કરી રહ્યા છે.

નિરોગી બાળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ ત્રણ વર્ષ સરકારે ગ્રાન્ટ ના ફાળવી તો બે વર્ષ દરમિયાન સરકારે ફાળવેલી ગ્રાન્ટમાંથી તંત્ર એ ૨૮.૩૯ લાખનો જ ખર્ચ કર્યો અને બાકીની બચત કરી સરકારને ગ્રાન્ટ જમા કરાવી હોવાનું જાણવા મળેલ છે.

સરકારી યોજનાના લાભો ગ્રામ્ય વિસ્તાર અને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની વાતો અને દાવાઓ સરકાર દ્વારા કરવામાં આવે છે. પરંતુ તંત્ર દ્વારા કે સત્તાધારી પાંખના ઉદાસીન વલણને લઈ યોજનાના અમલ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ પણ પુરી વપરાતી નથી અને સરકારને જ કહેવું પડે છે કે બચત ગ્રાન્ટમાંથી નાણાંનો ખર્ચ કરો.

અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

ઈંદિરાજીની જેમ, પ્રધાનમંડળમાં ફેરફારો કરીને તથા મુખ્યપ્રધાનોને બદલીને ફરીને ભાજપની વિજયપતાકા લહેરાય એવાં આયોજન કરવા થનગને છે.આંટા આવી રહેલા ૯૨ વર્ષના નારાયણ દત્ત તીવારીથી લઈને પાંચ દાયકાથી કૉંગ્રેસી રહેલા કર્નાટકના એસ.એમ.કૃષ્ણા જેવાને ભાજપમાં જોડવામાં સફળ મોદી કમાલના જાદુગર છે.ગામના ઉંદરોને ઘેલા કરનાર બૅગપાઈપર જેવા જબરા વાંસળીવાદક એટલે જ ન.મો., દૂસરા ના કોય. પ્રજાના અસંતોષને ભૂલાવી દેવાય એવા રોજે રોજના નવા મુદ્દાઓ ઉછાળવામાં ઉસ્તાદ એવા વડા પ્રધાન મોદી ભાજપ પાસે સૌથી પ્રભાવી રાજનેતા છે. અસંતુષ્ટો તો ભાજપમાં ફાટફાટ થાય છે. આયાતી નેતાઓને મળતા મહત્ત્વથી દાયકાઓથી ગદ્ધાવૈતરું કરતો સંઘ પરિવારનો કાર્યકર્તા નારાજ પણ થાય છે, પણ ચૂંટણી માટે એ ભાજપ માટે જ કામ કરે છે. હાર-જીતને સમાન ભાવ સાથે લેવા ટેવાયેલા ભાજપી કાર્યકરો મંડ્યા રહે છે. 'કીલર્સ ઈન્સ્ટિક્ટ' સાથે આગળ વધતો ભાજપ જીતવાના સંકલ્પ સાથે જંગમાં ઝુકાવે છે. મોદીના વ્યૂહ કાયમ ઈલેક્શન-મોડમાં જ હોવાથી પેલી ગુજરાતી કહેવત 'ઊંઘતાનો પાડો અને જાગતાની પાડી' સતત સાર્થક થતી લાગે છે.

haridesai@gmail.com

દેશવાસીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. સ્વચ્છતાના મુદ્દા ઉપર પણ વાત કરી હતી. નોકરી કરતી મહિલાઓ માટે યોજનાઓની વાત કરતા તેમણે કહ્યું હતું કે માતૃત્વ રજા ૧૨ સપ્તાહથી વધારીને ૨૬ સપ્તાહ કરી દેવામાં આવી છે. નવજાત શિશુની સુરક્ષા અને જનત વધુ સારીરીતે થઈ શકે તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. મોદીએ જુદા જુદા આવી રહેલા તહેવારની પણ વાત કરી હતી. પાંચમી એપ્રિલના દિવસે રામનવમી, નવમી એપ્રિલના દિવસે મહાવીર જયંતિ અને ૧૪મી એપ્રિલના દિવસે બાબા સાહેબ આંબેડકરની જયંતિ આવનાર છે. બે દિવસ બાદ અન્ય તહેવારો પણ આવી રહ્યા છે. લોકોને મોદીએ શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાને બાંગ્લાદેશને તેમના સ્વતંત્રતા દિવસની શુભકામના આપી હતી અને કહ્યું હતું કે, બાંગ્લાદેશ ભારતના મજબૂત સાથી તરીકે છે. મોદીએ અમરશહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને યાદ કરતા કહ્યું હતું કે, આ શહીદવીરો દેશ માટે પ્રેરણા સમાન છે.

ભગતસિંહથી અંગ્રેજો એટલા ભયભીત થઈ ગયા હતા કે ૨૪મી માર્ચ ૧૯૩૧ના દિવસે ફાંસી આપવામાં આવનાર હતી પરંતુ એક દિવસ પહેલા જ ફાંસી આપી દેવાઈ હતી. ૨૩મી માર્ચ ૧૯૩૧ના દિવસે આ ત્રણેયને ફાંસી આપવામાં આવી હતી. વડાપ્રધાને મહાત્મા ગાંધી ચંપારણ સત્યાગ્રહનો પણ ઉલ્લેખ કર્યો હતો. બાળકોની ચાલી રહેલી પરીક્ષાને લઈને ચંપારણ સત્યાગ્રહ, ન્યુ ઈન્ડિયા, ટ્રાફિક નિયમ, ડિજિટલ યોજના, ભોજનની બરબાદી, ડિપ્રેશન અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉપર વાત કરી હતી. ન્યુ ઈન્ડિયાની વાત કરતા તેમણે કહ્યં હતું કે, તમામ દેશવાસી જો સંકલ્પ કરે અને મળીને આગળ વધે તો ન્યુ ઈન્ડિયાનું સ્વપ્ન અમારી સામે વાસ્તવિકતામાં ફેરવાઈ શકે છે. દરેક નાગરિક પોતાના ધર્મ અને કર્તવ્યને પાળે તો ન્યુ ઈન્ડિયાની સારી શરૂઆત થઈ શકે છે. સ્વરાજથી સુરાજની આ યાત્રામાં તમામ લોકો શિસ્તમાં રહીને આગળ વધે તે જરૂરી છે. પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને ટેન્શનમાં ન રહેવા મોદીએ સૂચન કર્યું હતું.

ત્રણ ગણા વધશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પગારને ૨.૫ લાખ રૂપિયા પ્રતિ મહીને કરી શકે છે. આમા ભથ્થાનો સમાવેશ કરાયો નથી. આવી જ રીતે જજના પગાર પણ કેબિનેટ સેક્રેટરી, સીએજી, મુખ્ય ચૂંટણી કમિશનર જેવા બંધારણીય અધિકારીઓ સુધી થઈ જશે. આવી જ રીતે હાઈકોર્ટના જજના પગાર પણ વધારીને ૨.૨૫ લાખ રૂપિયા પ્રતિ મહિને કરવામાં આવનાર છે. આમા ભથ્થાનો સમાવેશ કરાયો નથી. આવી જ રીતે હાઈકોર્ટના જજના પગાર કેન્દ્રના સેક્રેટરી લેવલના અધિકારીઓ સુધી થઈ જશે. તમામ પાસા ઉપર વિચારણા કરવામાં આવીચુકી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજના પગારને ત્રણ ગણા કરવા સરકારે મંજુરી આપ્યા બાદ ટૂંક સમયમાં જ આને અમલી કરી દેવામાં આવશે. સરકારે પગાર વધારાની સુપ્રીમ કોર્ટની સમિતિની ભલામણોને સંપૂર્ણપણે સ્વિકારી નથી. ત્રણ જજની સમિતિએ ભથ્થા અને બીજી સુવિધાઓ ઉપરાંત સીજેઆઈના પગારને ત્રણ લાખ રૂપિયાથી વધારે કરવાની ભલામણ કરી હતી પરંતુ સરકારે સીજેઆઈનો પગાર ૨.૮ લાખ રૂપિયા પ્રતિ મહિને નક્કી કરી છે જે કેબિનેટ સેક્રેટરીના પગારથી થોડોક વધારે પગાર છે.

યુદ્ધ વિમાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરાજિત કરવા માટે અનેક નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ અતિઆધુનિક વિમાન ભારતીય હવાઈ દળની તાકાતને અનેક ગણી વધારી દેશે. આ યુદ્ધ વિમાનની ડિઝાઈન મલ્ટીરોલ હેઠળ તૈયાર કરવામાં આવી છે. આને મિરાજ ૨૦૦૦ અને જગુઆર ફાઈટર જેટની જગ્યાએ હવાઈ દળમાં સામેલ કરવાની યોજના છે. બીજી બાજુ ભારત અને રશિયા સંયુક્તરીતે પમી પેઢીના ફાઈટર વિમાન તૈયાર કરવા ઉપર ચર્ચા કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે આ વિમાન બનાવવાના મુદ્દે વાતચીત ચાલી રહી છે. સ્ટીલ્થ ફાઈટર વિમાન સુપરસોનિક રફ્તારથી ઉડાણ ભરશે. આનું કુલ વજન ૨૫ ટનની આસપાસ રહેશે. આ વિમાન સતત બે કલાક સુધી ઉડાણ ભરી શકે છે. આ વિમાનમાં રડાર, ઈન્ફારેડ સર્ચ અને ટ્રેક સિસ્ટમ રહેશે. આ ઉપરાંત સિચુએશનલ અવેરનસ સેન્સર્સ પણ રહેશે. આ વિમાનનું માળખુ ખુબ જ મજબૂત રાખવામાં આવ્યું છે. આ વિમાનને ખાસ પ્રકારની સામગ્રીથી બનાવવામાં આવાર છે. આમા રડારને ચકમો આપી શકે તેવા પેઈટ્સ રહેશે. વિમાનમાં શક્તિશાળી એન્જિન રહેશે જેને અપગ્રેડ પણ કરી શકાશે. સૌથી વધારે હથિયાર રાખી શકાય તે પ્રકારનું આ વિમાન રહેશે. આ વિમાનમાં ચાર મિસાઈલ અથવા તો બોંબ મુકી શકાય તેટલી ક્ષમતા રહેશે. બહારના હિસ્સામાં યુદ્ધ વિમાનના દરેક ડેન પર હથિયાર માટે ત્રણ પોઈન્ટ મુકવામાં આવ્યા છે.

રામ મંદિર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આયોજિત કરવામાં આવેલા વિરાટ હિંદુ સંમેલનને વિહિપના સુરેન્દ્ર જૈન,ડો.કૌશીક મહેતા, રણછોડ ભરવાડ, ગઢડાના એસપી સ્વામી, સરસપુરના અખિલેશદાસજી મહારાજ વગેરેએ સંબોધિત કર્યુ હતું.સુરેન્દ્રજૈને જયાં ભગવાન રામનો જન્મ થયો છે.ત્યાં જ રામમંદિર બનાવવા હાકલ કરી હતી. રણછોડ ભરવાડે દેશમાં દરેક યુવાન હિન્દુ ફર્સ્ટની લાગણી અનુભવે છે.ત્યારે હિંદુ હિતના કામ થવા જોઈએ.એવી વાત રજુ કરી હતી. એસપી સ્વામીએ કહ્યું કે,જો સરકાર મંદિર નિર્માણ માટે પહેલ નહીં કરે તો વિહિપ, બજરંગદળ, દુર્ગાવાહિનીના સેંકડો કાર્યકરો મંદિર નિર્માણ માટે અયોધ્યા પહોંચશે. વિહિપના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડો.તોગડિયાએ પોતાની લાક્ષણિક સ્ટાઈલમાં કહ્યુ હતુ કે,સરકારમાં બેઠેલા સરદારની જેમ વાતો કરે છે.હું કહું છુ કે,સરદારની જેમ વાતો નહીં સરદારની જેમ કામ કરો.તેમણે દેશમાં હિંદુઓ મુસ્લિમો દ્વારા સંતાનો પેદા કરવામાં આવી રહ્યા હોવાના કારણે ખતરામાં હોવાનું કહી.સરકારને હિંદુઓના હિતમાં કામ કરવા કહ્યું હતુ. આ દેશમાં મુસ્લિમોના સંતાનોને ભણવા સરકાર સ્કોલરશીપ સહીતના લાભો આપે છે .તો હિંદુઓના સંતાનોને શા માટે નહીં. આમ કહી તોગડિયાએ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું કે,સંતાનો વધુ મુસ્લિમો પેદા કરે અને સહન હિંદુઓના સંતાનોને કરવાનું.એવો સણસણતો સવાલ કરી.હિંદુઓના સંતાનોને પણ લાભ આપવા કહ્યું હતું.રામમંદિર અયોધ્યામાં જ બનશે.નવી કોઈ મસ્જિદ આ દેશમાં બનશે નહીં.અને બાબરની મસ્જિદ તો કયાંય નહીં બનવા દઈએ એમ તોગડિયાએ કહ્યું તે સમયે કાર્યકરોએ તેમના નિવેદનને વધાવી લીધુ હતું.તોગડિયાએ ૧૨ મુદ્દાઓની માગણી સંમેલનમાં રજુ કરી સરકારને સીધુ આવાહન કર્યુ હતું. મુસ્લિમોને હજ માટે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડીનો આજે ફરી એકવાર ઉલ્લેખ કરતા કહ્યું કે,મુસ્લિમોને હજ માટે સરકાર ૨૨,૦૦૦ની સબસીડી આપી રહી છે.ત્યારે હિંદુઓને કૈલાસ માનસરોવરની યાત્રા માટે ફુટીકોડી પણ આપવામાં આવી રહી નથી.આવો અન્યાય હવે વધુ સમય સાંખી નહીં લેવાય.હિંદુઓને આ દેશમાં ઝીરો બનાવી દેવામાં આવ્યા છે.તેમને ઝીરોમાંથી હીરો બનાવવાનું કામ વિશ્વ હિંદુ પરીષદ કરશે.એમ કહેતા ગ્રાઉન્ડમાં ઉપસ્થિત હજ્જારો કાર્યકરોએ જય જય શ્રી રામના સૂત્રોચ્ચાર કરી મેદાન ગજવી દીધુ હતુ.

નામ-અટક બદલેલ છે

મારું જુનું નામ મિતા મધુસુદન કક્કડ હતું તે બદલીને નવું નામ નયના બીરજુ શર્મા રાખેલ છે.

સહી/-
નયના બીરજુ શર્મા
જી-૨૦૨, શ્રીનાથ હોમ્સ, બીજો માળ, કુડાસણ, જી. ગાંધીનગર

Change of name & Surname

I have change my old name Meeta Madhusudan Kakkad to New Name Naina Birju Sharma.

Sd/-
Naina Birju Sharma
G-202, Shrinath Homes, 2nd Floor, At. Kudasan, Dist. Gandhinagar

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
**જાહ